૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધનો કડક અમલ કરાવવા સામે વેપારીઓની રજૂઆતથી સરકાર ઢીલી પડી

સિંગલ યુઝ પ્લાસ્ટીક પરના પ્રતિબંધમાં થોડી 'રાહત' મળશે:સ્ટોક વેચવા દેવાશે

નવી દિલ્હી,તા. ૨૩

આગામી ૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટીક અંતર્ગત આવતી ૧૯થી વધુ વસ્તુઓ પર પ્રતિબંધ લાગુ પડી રહ્યો છે તે પૂર્વે વેપારીઓ તથા ગ્રાહકોની અનેકવિધ મુઝવેણોને ધ્યાનમાં રાખીને વિકલ્પ આપવા રાહત આપવા સરકાર દ્વારા વિચારણા શરૂ કરવામાં આવી છે. વિવિધ મંત્રાલયો વચ્ચે પરામર્શ શરૂ થયો છે. સરકાર દ્વારા આંશિક રાહતો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકારના સુત્રોએ જણાવ્યું હતું કે ૧લી જુલાઈથી અમલમાં થોડી ઘણી રાહત આપવાની સાથોસાથ સિંગલ યુઝ પ્લાસ્ટીકના વિકલ્પમાં બાયોડીગ્રેબલ ઉત્પાદનો બનાવવા માટેની મશીનરી અને કાચા માલની ખરીદીમાં નાણાકીય લાભ આપી શકે છે. સમગ્ર દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકના ઉત્પાદન કરતા ૮૯,૦૦૦ એકમો છે. સરેરાશ દરેક એકમમાં ૨૦થી વધુ લોકો કામ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ના આંકડા ચકાસવામાં આવે તો સિંગલ યુઝ પ્લાસ્ટીકનો કારોબાર ૩.૫ લાખ કરોડનો હતો. કેન્દ્ર સરકારે દોઢ વર્ષ પૂર્વે જ સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ જાહેર કરીને ઉત્પાદકોને

પ્લાસ્ટીકના વિકલ્પમાં બાયોડીગ્રેબલ ચીજોના ઉત્પાદન માટેની મશીનરી અને કાચા માલની આયાતમાં રાહત આપવાની પણ વિચારણા : વૈકલ્પિક ચીજોનો ઉત્પાદન ખર્ચ ૭૫ ટકા વધી જતો હોવાનો નિર્દેશ

વૈકલ્પિક દિશામાં વિચારવાની સૂચના આપી દીધી હતી. પરંતુ વેપારીઓ, ઉદ્યોગકારો વધુ સમય માંગી રહ્યા છે.

ઉદ્યોગજગતના સુત્રોએ કહ્યું કે મશીનરી અને કાચા માલની આયાત માટેની પ્રક્રિયા થઈ રહી છે. કાચા માલ ઘરઆંગણે બનતાં નથી, આયાત કરવો પડે તેમ છે. નજણા રૂપિયાના કારણે આયાત મોંઘી થાય તેમ છે અંતરે મશીનરી તથા કાચા માલની ખરીદીમાં રાહત માંગવામાં આવી છે. સરકારને એવું સૂચન કરવામાં આવ્યું છે કે મશીનરી ખરીદી માટે સરકાર બંડોળ આપે ઉપરાંત કાચા માલની ખરીદી માટે આયાત-જકાતમાં રાહત આપવામાં આવે. ઈન્ડીયા એસોસીએશ ફોરમ દ્વારા સરકારને ચેખીત રજૂઆત કરવામાં આવી છે. તેમાં એમ કહેવાયું છે કે સિંગલ યુઝ પ્લાસ્ટીકમાંથી અનાજ એવી ચીજો બને છે કે જેનો વિકલ્પ બાયોડીગ્રેબલથી શક્ય નથી. જૂની મશીનરીથી તે તૈયાર ન થઈ શકે.

ઉદ્યોગકારોએ સરકારનું એવું પણ ધ્યાન દોર્યું છે કે ઈયરબડ સ્ટીક માટે બાયોડીગ્રેબલ કાચા માલ રબીન અને ફીનલેન્ડ જેવા દેશોમાંથી આયાત કરવો પડે તેમ છે જેનાથી ઉત્પાદન ખર્ચ ૩૫ ટકા વધી જાય. અન્ય વસ્તુઓમાં પણ સમાન હાલત ઉભી થઈ શકે.

કેન્દ્ર સરકારના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે સિંગલ યુઝ પ્લાસ્ટીક બનાવના એકમોને નવું ઉત્પાદન નહીં કરવા સૂચના આપવામાં આવશે. પરંતુ જંરૂરી સ્ટોક છે તેનું વેચાણ કરવાની છૂટ આપવામાં આવશે અને નિકાસની મંજૂરી આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧લી જુલાઈથી સિંગલ યુઝની ૧૯ વસ્તુઓના ઉપયોગ પ્રતિબંધિત થવાના છે તેમાં પ્લાસ્ટીકની સ્ટીકવાળા ઈયરબડ, ફુગ્ગા, ઝંડા, કેન્ડીસ્ટીક, આઈસ્ક્રીમ ચમચી, થર્મોકોલ, પ્લેટ, કપ, ગ્લાસ, ચમચી, કાંટા, સ્ટ્રાં, પેકેજીંગ મટીરીયલ, બનર, કાર્ડ વગેરેનો સમાવેશ થાય છે.

તા.૨૮-૨૯ના રોજ જીએસટી કાઉન્સીલની બેઠક પુર્વે ફીટમેન્ટ કમીટીની ભલામણો

જી.એસ.ટી. દરો હાલ નહી ઘટે: વ્યાજદર વધશે

નવી દિલ્હી:

દેશમાં કુપાવા સહિતના અર્થતંત્ર સામે સતત વધતા જતા પડકારો અને ચોમાસાની 'ચાલ' પણ હજુ અનિશ્ચિત હોવાથી આગામી સમયમાં આમ આદમી માટે ઠપકા દિવસો નિશ્ચિત છે. ખાસ કરીને આગામી મહિને રિઝર્વ બેન્ક ફરી એક વખત વ્યાજદરમાં વધારો કરી શકે છે તો બીજી તરફ આનાની સામેજ મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં પાલ કરીને રેડી-ટુ-ઈટ ખાદ્ય પદાર્થોની લઈને ડેરી ઉત્પાદનો તંબાકુ તથા એર કન્ડીશન જેવી ઉપભોક્તા વસ્તુઓ પર જીએસટી દરો વધવાની શકયતા નથી. ખાસ કરીને એક તરફ વ્યાજદર વધવાથી અને રિઝર્વ બેન્કની નવી ધિરાણ નીતિમાં ફરી વ્યાજદર વધારાથી હવે ખરીદી પર બ્રેક લાગી શકે છે અને તેની સીધી અસર રાજ્ય અને કેન્દ્ર સરકારની વેરા આવક પર પડવાની શકયતા હોવાથી હાલ જીએસટીના સ્લેબમાં ફેરફાર કે ઓછાં ૧૦૦થી વધુ ઉત્પાદનો પર જીએસટી વધારાની દરખાસ્ત છે. તેને અધિકારીઓની કમીટી (ફીટમેન્ટ કમીટી) એ નકારી છે અને હવે જીએસટી કાઉન્સીલ પણ તેને માન્ય રાખી શકે છે.

આ કમીટી સમક્ષ જે ઉત્પાદનો ૧૮% અને ૨૮% જીએસટી દરો હેઠળ આવે છે તેમાં હાલ કોઈ બદલાવ નહી કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર અને રાજ્યોના અહેસુલ વિભાગના અધિકારીઓની સંયુક્ત કમીટી જીએસટી કાઉન્સીલ સમક્ષ જે પ્રસ્તાવ રજૂ થવાના હોય છે તેના પર

લેપટોપ, મોબાઈલ પરનો જીએસટી યથાવત રહેશે- ડેરી ઉત્પાદનો પરનો વેરો પણ નહી વધે- આખરી નિર્ણય કાઉન્સીલ કરશે

પુર્વ વિચારણા કરે છે અને આ કમીટી સમી રેડી-ટુ-ઈટ ફુડ (તૈયાર ખાદ્ય પદાર્થ- જે પેકીંગમાં મળે છે) ઝડપથી બગડી શકતા ફળો, બ્રાન્ડેડ નમકીન (સ્નેકસ) ડેરી ઉત્પાદનો, એથનોલ, બાયોડીઝલ, તંબાકુ ઉત્પાદનો તથા ગૃહ ઉદ્યોગ અને હાથ બનાવટના ઉત્પાદનો સહિતની ૧૦૦ વસ્તુઓ પર જીએસટી દરો વધારવાની દરખાસ્ત હતી.

જીએસટી પરિષદની બે દિવસની બેઠક તા.૨૮-૨૯ જૂનના મળનાર છે. જેમાં ફીટમેન્ટ કમીટી આ રિપોર્ટ પર વિચારણા કરીને અંતિમ નિર્ણય લેવાશે. ખાસ કરીને ટેટ્રા પેક ઉત્પાદનો પેકીંગમાં મળતા જ્યુસ, લસ્સી, રેડી-ટુ-ડ્રીન્કસ મીલ્ક વિ. પરનો જીએસટી ૧૨% માંથી વધારીને ૧૮% કરવાનો પ્રસ્તાવ કર્યો છે તો કટ અને પોલીશ્ડ હીરા પર હાલ ૦.૨૫% માંથી ૧.૫૦% કરવાનો પ્રસ્તાવ છે.

એરકન્ડીશન પર ના જીએસટી દરો યથાવત રાખવાના નિર્ણય પરનું કારણ રપષ્ટ કરતા કમીટીએ જણાવ્યું છે કે એ.સી.ના ઉત્પાદનના કાચા માલ પર ૧૮% જીએસટી છે અને હવે જો એસી પરનો જીએસટી ઘટાડવાની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ વધશે અને સરકારની આવક ઘટશે.

મોબાઈલ અને લેપટોપ સહિતના ઈલેક્ટ્રોનીક્સ ઉત્પાદનમાં સતત ભાવવધારો થતો જ રહે છે અને તેથી તેના પરનો જીએસટી વધે છે તેથી તેના પરનો ૧૮% જીએસટી યોગ્ય છે. બ્રાન્ડેડ ફુડ, ઈન્સ્ટન્ટ ફુડ, મિક્સચર પર કે ડેરી ઉત્પાદનો, ફ્રોઝેડ મિલ્ક વિ. પર હાલ નિર્ણય લેવાશે નહી.

ઉપરાંત એથેનોલ પર ૧૮% બાયો ડીઝલ પર ૧૨% જીએસટી લાગે છે તે પેટ્રોલ-ડિઝલની સરખામણીમાં ઓછા છે તેથી તેમાં હાલ ફેરફાર કરવાની સરકારની આવક ઘટશે.

---

૨૩ જૂન સુધી વરસાદનો દોર:મુંબઈમાં એલર્ટ

દેશના પૂર્વ થી પશ્ચિમમાં મેઘતાંડવ આસામમાં પૂર, નાસિકમાં વાહનો તણાયા

મુંબઈ,તા. ૨૩

મુંબઈ : દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ બાદ તબાહી સર્જાઈ છે. પૂર્વથી પશ્ચિમ સુધીના રાજ્યોમાં ખરાબ સ્થિતિ છે. એક તરફ જ્યાં પૂરના કારણે આસામની હાલત ખરાબ છે. ચારેય આસામ ડૂબી ગયું છે. આર્મી અને એનડીઆરએફ રાહત અને બચાવમાં લાગેલા છે, જ્યારે મહારાષ્ટ્રના નાસિકમાં પણ વરસાદે મુશ્કેલી સર્જી છે. અહીંનો પ્રવાહ એટલો બધો છે કે ઉભું થવું પણ મુશ્કેલ છે, ગાડીઓ પણ વહી રહી છે.આસામમાં આઠ્રાથી આઠ્રને તબાહી મચાવી છે.ગામો નદીઓ અને રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા છે. ગામડાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સેનાએ રાહત અને બચાવની કમાન સંભાળી લીધી છે. આસામના ચિરાંગથી રાહત અને બચાવની તસ્વીરોમાં મોટી સંખ્યામાં લોકો પૂરની વચ્ચે ફસાયેલા છે અને તેમને દોરડાની મદદથી બહાર કાઢવામાં આવી રહ્યા છે.

દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે અને આવતા ચાર-પાંચ દિવસમાં દિલ્હી તથા ઉત્તરીય રાજ્યોમાં પણ પહોંચી જવાની શક્યતા વચ્ચે હવામાન વિભાગ દ્વારા આવતા ત્રણ-ચાર દિવસ દરમ્યાન ગુજરાત સહિતના રાજ્યોમાં વરસાદનો રાઉન્ડ શરુ થવાની આગાહી છે.

હવામાન ખાતાની આગાહી મુજબ મુંબઈમાં ભારેવરસાદ થવાની શક્યતા છે અને તેને પગલે ઓરેન્ટ એલર્ટ જારી કરવામાં આવ્યું છે જ્યારે રાયગઢ-પુણા સહિત પાંચ જીલ્લાઓમાં અતિ ભારે વરસાદને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

આ સિવાય કોંકણ, મોવા, તટીય કર્ણાટક તથા કેરળમાં ચાર દિવસ સુધી વરસાદ થવાની શક્યતા દર્શાવી છે. મધ્ય મહારાષ્ટ્રમાં ૨૪ થી ૨૬ જુન, અંતરિયાળ કર્ણાટકમાં ૨૪-૨૫ જુન, ગુજરાતમાં ૨૫-૨૬ જુન સારો વરસાદ થવાની આગાહી છે.

એક પછી એક જગ્યાએથી બચાવ સુરક્ષિત બહાર કાઢવા. માત્ર ચિરાંગ જ નહીં, આસામના મોટાભાગના જિલ્લાઓમાં પણ આ જ સ્થિતિ છે.

જમ્મુ કાશ્મીરમાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ અને પૂર-ભૂસ્ખલનથી હાઈવે તેમજ શાળાઓ બંધ

પોઝિટીવીટી રેટ પણ વધીને ૨.૦૩% થયો

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩,૩૧૩ કેસ, ૩૮ના મોત

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં કોરોના રોગચાળાને કરી એકવાર જોર પકડ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩,૩૧૩ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે ૩૮ લોકોના મોત થયા છે. દેશમાં સક્રિય કેસ વધીને ૮૩ હજારથી વધુ (૮૩,૯૯૦ કેસ) થઈ ગયા છે. અગાઉ એટલે કે ૨૨ જૂને દેશભરમાં કોરોના સંક્રમણના ૧૨૨૪૮ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૧૩ લોકોના મોત થયા છે. જે પાંચ રાજ્યોમાં કોવિડની સ્થિતિ ચિંતાજનક છે તેમાં કેરળ (૪,૨૨૪), મહારાષ્ટ્ર(૩,૨૪૦), દિલ્હી (૯૨૮), તમિલનાડુ (૭૭૧) અને ઉત્તર પ્રદેશ (૬૭૮)નો સમાવેશ થાય છે. કુલ નવા કેસોમાંથી ૭૪.૦૭ ટકા આ પાંચ રાજ્યોમાંથી આવ્યા છે. તે જ સમયે, કુલ નવા કેસોમાં ૬૬ ટકા કેરળનો હિસ્સો ૩૧.૩૩ ટકા છે. કોવિડને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૩૮ દર્દીઓના મોત થયા છે. દેશમાં કોવિડને કારણે અત્યાર સુધીમાં પાંચ લાખ (૫,૨૪,૯૪૧) થી વધુ લોકોના મોત થયા છે. દેશમાં કોવિડમાંથી રિકવરી રેટ૯૮.૬૩ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૭૨૩ દર્દીઓએ કોવિડને માત આપી છે. હાલમાં દેશમાં કોવિડના ૮૩,૯૯૦ સક્રિય કેસ છે.

કલ્લમ ટેકસટાઈલનો રૂા.૧૦ કરોડનો રાઈટ્સ ઈશ્યૂ ખુલ્યો

અમદાવાદ,તા.૨૩

કલ્લમ ટેકસસ્ટાઈલનો રાઈટ્સ ઈશ્યુ આજે ૨૩ જુન ૨૦૨૨ના રોજ ખુલ્યો છે. આ ઈસ્યુ આગામી તા.૦૭ જુલાઈ ૨૦૨૨ના રોજ બંધ થશે. કંપની અંદાજે ૯૯.૯૧ લાખ સંપૂર્ણ પેઈડ-અપ ઈક્વિટી શેર ઈસ્યુ કરશે. ઈક્વિટી શેર દીઠ રૂા.૧૦ના ભાવે, કુલ રૂા.૯.૯૧ કરોડ પાત્ર ઈક્વિટી શેરધારકોનો અધિકારોના આધારે. શેર ૭-૩૦ના ગુણોત્તરમાં જારી કરવામાં આવશે (પાત્ર ઈક્વિટી શેરધારકો દ્વારા રાખવામાં આવેલ સંપૂર્ણ ચુકવણી કરેલ ઈક્વિટી શેરના દર ૩૦ ઈક્વિટી શેર માટે ૭ ઈક્વિટી શેર).

ઈશ્યૂ તા.૭ જુલાઈએ બંધ થશે

આ મુદ્દામાં પ્રમોટર અને પ્રમોટર જુથના શેરધારકોની ભાગીદારી લગભગ રૂા.૫.૨૧ કરોડની રકમની પર.૯૦ટકા પર રહેશે.

પ્રમોટર ગ્રુપ ઈશ્યુના અનસબસ્ક્રાઈબ કરેલા ભાગના ભાગ અથવા સંપૂર્ણ રકમ માટે સબસ્ક્રાઈબ કરવાનો અધિકાર પણ અબાધિત રાખે છે. ઈશ્યુ દ્વારા એકત્ર કરાયેલ ભંડોળનો ઉપયોગ દેવાની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

આં.રાષ્ટ્રીય ક્ષેત્રે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં બીડીઆર ગ્રુપની પ્રસિધ્ધિ

અમદાવાદ તા.૨૩

બીડીઆર ગ્રુપ ઓફ કંપનીનું છેલ્લા ૧૫ વર્ષોમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં સતત વિકસ્યુ છે. ફાર્માસ્યુટિકલ એપીઆઈના ઉત્પાદનમાં અને તેના નવા યુગના પ્રસિદ્ધ ફોર્મ્યુલેશન માટે કંપનીને વિશિષ્ટ ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે. જૂથને તેની બે કંપનીઓ બીડીઆર ફાર્માસ્યુટિકલ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ અને બીડીઆર લાઈફ સાયન્સ પ્રા.લિ. દરેકે સંબંધિત ક્ષેત્રોમાં તેની પોતાની સર્વોપરિતાની મહોર લગાવી છે.એટલે કે અનુક્રમે એપીઆઈ અને ફોર્મ્યુલેશન મેન્યુફેક્ચરિંગ બીડીઆર ગ્રુપ ચાર વિશિષ્ટ રોગનિવારક સેગમેન્ટમાં વિકાસ પર ધ્યાન વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમ કે ઓન્કોલોજી સ્ટિરિલ કેર, ગાયનેકોલોજી અને ન્યુરોલોજી જે તેના સપનાના વિભાગો છે.બીડીઆર પણ રેમડેસિવીરની ઉત્પાદક હતી અને કંપનીએ રોગચાળા દરમિયાન તેની આવક બમણી થતી જોઈ હતી જ્યારે નિકાસમાં ચાર ગણો વધારો થયો હતો. કંપની મુંબઈ,વડોદરા, સાવલી વગેરેમાં અનેક સુવિધાઓ ધરાવે છે.

કંપનીની નિકાસમાં ચાર ગણો થયો વધારો

મુસ્લિમ સરપંચે રામ મંદિર નિર્માણ માટે ૨૫ લાખનું દાન આપ્યું

બિમ્મમ,તા.૨૩

તેલંગાણામાં સાંપ્રદાયિક સૌહાર્દનું અનોખું ઉદાહરણ બેસાડવામાં આવ્યું છે. બિમ્મમ જિલ્લામાં ધાર્મિક સંવાદિતા અને શાંતિનું ઉદાહરણ રજૂ કરતા તેલંગાણાના ગ્રામીણ સરપંચે ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર તૈયાર કરાવ્યું.

છેક સુધી સરકારને બચાવવા શિવસેનાની સાથે છીએ

બહુમતનો નિર્ણય મહારાષ્ટ્ર વિધાનસભામાં થશે : શરદ પવાર

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં રાજકિય ઉથલપાથલ વચ્ચે એનસીપીના અધ્યક્ષ શરદપવારે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું કે કોઈની ભુલ કાઢવાનો સમય નથી. આ સાથે તેમણે વધુ જણાવ્યું કે બહુમતીનો નિર્ણય મહારાષ્ટ્ર વિધાનસભામાં થશે.

શરદપવારે વધુમાં કહ્યું કે સરકાર બચાવવા માટે તમામ પ્રયાસ કરવામાં આવશે. શિંદેના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેમની પાછળ કોણ છે. ઉદ્ધવ સરકાર સારું કામ કરી રહી છે. બળવાખોર પારાસભ્યોએ કિંમત ચુકવવી પડશે. બધી જ પાર્ટીઓના આંકડા મારી પાસે છે.૬૭ોર ટેસ્ટમાં બહુમત સ્પષ્ટ થશે. પારાસભ્યો મુંબઈ આવશે ત્યારે જ આખી તસ્વીર સાફ થશે.

તેમણે વધુમાં કહ્યું કે અઢી વર્ષના કાર્યકાળમાં તેમને હિન્દુત્વ યાદ ના આવ્યું અમે સરકાર બનાવવાના બનતા પ્રયાસ કરીશું.

અગાઉ ડેપ્યુટી સીએમ અજીત પવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારને બચાવવા માટે તેમની સાથે ઉભા છીએ સરકાર બચાવવાની જવાબદારી ત્રણેય દળની છે. એનસીપી ઉપર લગાડવામાં આવેલા તમામ આરોપ પાયાવિહોણા છે.

એનસીપીના નેતા અજીત પવારે વધુમાં જણાવ્યું કે એનસીપીના તમામ પારાસભ્યો અમારી સાથે છે વિકાસના કાર્યોમાં અમે અવરોધ બનશું નહિ અમે સરકાર બચાવવાના બનતા પ્રયાસ કરીશું. સંજય રાઉતે આપેલ નિવેદન આપ્યું તેનું મને ખ્યાલ નથી. આ વિશે ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત કરીશ અમે અંત સુધી શિવસેના સાથે રહીશું.

નામ બદલેલ છે

મારૂ નામ આદેશરા અશોકકુમાર પોપટલાલથી બદલી સોની અશોકકુમાર પોપટલાલ રાખેલ છે. ૧૪૮, મોટી મહેતા પોળ, વાઘીગામ, દરિયાપુર, અમદાવાદ

નામ બદલેલ છે

મારૂ નામ પટેલ પ્રકાશ હરીપ્રસાદથી બદલીને પટેલ પ્રકાશ હરિકૃષ્ણભાઈ રાખેલ છે. ૧૦, ઈન્દ્રપ્રસ્થ બંગ્લોઝ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪

નામ/અટક બદલેલ છે

મારી દીકરીનું નામ જૂનું નામ દિવા શેવતને બદલે નવું નામ દિવા સિંગ સોલંકી રાખેલ છે. સરનામું: ૫૦૧, શાલીન એપાર્ટમેન્ટ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

નામ બદલેલ છે

મે મારુ નામ રૂપિન ભરતભાઈ દિવેચા બદલીને નવું નામ રૂપિનકુમાર ભરતકુમાર દિવેચા રાખેલ છે. સરનામું: બી-૧૧, દેવ મનોહર કોમ્પલેક્ષ, વેરાવળ રોડ, ઉના, ગીર-સોમનાથ, ગુજરાત-૩૬૨૫૬૦

નામ બદલેલ છે

હું રૂપિનકુમાર ભરતકુમાર દિવેચા રહેઠાણ-બી/૧૧, દેવમનોહર કોમ્પલેક્ષ, વેરાવળ રોડ, ઉના-૩૬૨૫૬૦ ગીર સોમનાથ જાહેર કરું છું કે મારો પુત્ર અગસ્ત્ય રૂપિન દિવેચા જે સગીર વયનો (૧૩ વર્ષનો) હોવાથી તેના વતી એફિડેવિટ પ્રમાણે તેનું નામ અગસ્ત્ય રૂપિનકુમાર દિવેચા કરેલ છે. અને હવે પછીથી તે અગસ્ત્ય રૂપિનકુમાર દિવેચા તરીકે ઓળખાશે.

AHMEDABAD MUNICIPAL CORPORATION
North West Zone-Engineering Department
E-TENDER NOTICE NO.11/2022-23
For works of PQC Road Work

NAME OF WORK: Construction of Rigid Pavement and allied work on road from ADB Water tank - Science city main road to Sola gam lake in Gota Ward in North West Zone.e. (Rs. 353.60 Lakhs) (Re-invite)
Last Date of Online Submission 18/07/2022 Time 18:00 Hrs
Techincal bid Opening Date: 19/07/2022 Time: 16:00 Hrs
DETAILS AND TENDER AVAILABLE ON
www.nprocure.com, www.amc.nprocure.com
Dy. Muni Comm. (North West Zone)

ફોર્મ A
જાહેર ઘોષણા
ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે ઈન્સોલ્વન્સી રેઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન, ૨૦૧૬ના રેગ્યુલેશન ૬ હેઠળ
ના.ના લાયજા પાવર કંપની લિમિટેડના કેડિટર્સના ધ્યાને લાવવા માટે

સંબંધિત વિગતો		
૧.	કોર્પોરેટ દેવાદારનું નામ	નાના.લાયજા પાવર કંપની લિમિટેડ
૨.	કોર્પોરેટ દેવાદારની સ્થાપનાની તારીખ	૧૦મી એપ્રિલ, ૨૦૦૬
૩.	અથોરિટી જેની હેઠળ કોર્પોરેટ દેવાદારની સ્થાપના-નોંધણી કરાઈ	રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ
૪.	કોર્પોરેટ દેવાદારના કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર/લિમિટેડ લાયબિલિટી આઈડેન્ટિફિકેશન નંબર	U40100GJ2007PLC077551
૫.	કોર્પોરેટ દેવાદારનું રજિસ્ટર્ડ અને પ્રિન્સિપલ બિઝનેસ પ્લેસનું સરનામું	૩૦૧-૩૦૩ વિજય કોમ્પ્લેક્ષ, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૦૯.
૬.	કોર્પોરેટ દેવાદારના કાયમી ઈમેલ આઈડી અને પોસ્ટલ આડ્રેસ	કોર્પોરેટ એડ્રેસ: C.P.(IB)/231(AHM)/2022 મા આપેલ એડ્રેસ, અમદાવાદ મેન્યુઅલ આઈડી:- ૧૦મી જુન ૨૦૨૨ મુજબ
૭.	ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ એસોસીએશનનું નામ	ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્રોફેશનલ્સ એક્સેલન્સ
૮.	ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ એસોસીએશનનું સરનામું	૧૦મી ફ્લોર, ૧૦૧૧, ડિલ્યોર્સ બિલ્ડીંગ પોલ્યુલર સ્ટ્રીટ, ૧૦૧૧મી સ્ટ્રીટ (સેલ)
૯.	અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને સરનામું	નામ: મુકેશ કુમાર મહેતા રજિ. નંબર: IBBI/IPA-001/IP-P01344/2018-2019/11916
૧૦.	અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું ઈમેલ આઈડી અને પોસ્ટલ આડ્રેસ	ઈમેલ આઈડી: ઈ-મેલ: mehta.mukesh@gmail.com પોસ્ટલ આઈડી: ૩૦ મહાવીર સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
૧૧.	પ્રાધાન્ય ક્રાઉન્ટરની ઈમેલ આઈડી	ઈમેલ આઈડી: ઈ-મેલ: cirp.nanalayja@gmail.com
૧૧.	સેક્શન ૧૭ (૨) હેઠળ જોડાણ કરેલી ના સંબંધિત ઈન્ટરિમ અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલના ઈમેલ આઈડી અને પોસ્ટલ આડ્રેસ	નથી
૧૩.	નાના લાયજા કોર્પોરેટ દેવાદારના ઈન્સોલ્વન્સી રેઝોલ્યુશન પ્રોસેસ માટેના ક્લેઈમ્સ રજૂ કરવાની અંતિમ તારીખ	૧૬મી જુલાઈ, ૨૦૨૨
૧૪.	ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ દ્વારા જાહેર કરાયેલ યાદીની વેબસાઈટ	https://ibbi.gov.in/home/downloads

અહીં આપ આપેલ આમંત્રણને તે તારીખે ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે ઈન્સોલ્વન્સી રેઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન, ૨૦૧૬ના રેગ્યુલેશન ૬ હેઠળ જાહેર કરે છે.
સ્થળ: દિલ્હી, તારીખ: ૧, C.P.(IB)/231(AHM)/2021 મા આપેલ તારીખમાં અધિકારી નક્કી થાય છે. ૧૨મી જુન ૨૦૨૨ના રોજ નક્કી કર્યો.
નાના લાયજા પાવર કંપની લિમિટેડના કોર્પોરેટ દેવાદારના ક્લેઈમ્સ રજૂ કરવાની તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૨૨ સુધીમાં કે તે અગાઉ ઈન્સોલ્વન્સી પ્રોફેશનલને
ન. ૩૦૧ મહાવીર સોસાયટી આઈ જોધ નારણપુરા અમદાવાદ ખાતે રૂબરૂ.
નાના લાયજા પાવર કંપની લિમિટેડના કોર્પોરેટ દેવાદારના ક્લેઈમ્સ રજૂ કરવાની તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૨૨ સુધીમાં કે તે અગાઉ ઈન્સોલ્વન્સી પ્રોફેશનલને
ઈમેલ આઈડી: ઈ-મેલ: cirp.nanalayja@gmail.com
પોસ્ટલ આઈડી: ૩૦ મહાવીર સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
પોસ્ટલ આઈડી: ૩૦ મહાવીર સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
તારીખ: ૧ જુલી જુન, ૨૦૨૨
સ્થળ: મુંબઈ
મુકેશ મેહતા
અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ
રજિ. નંબર: IBBI/IPA-001/IP-P01344/2018-2019/11916

ફોર્મ A
જાહેર ઘોષણા
ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે ઈન્સોલ્વન્સી રેઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન, ૨૦૧૬ના રેગ્યુલેશન ૬ હેઠળ
ના.ના લાયજા પાવર કંપની લિમિટેડના કેડિટર્સના ધ્યાને લાવવા માટે

સંબંધિત વિગતો		
૧.	કોર્પોરેટ દેવાદારનું નામ	નાના.લાયજા પાવર કંપની લિમિટેડ
૨.	કોર્પોરેટ દેવાદારની સ્થાપનાની તારીખ	૧૦મી એપ્રિલ, ૨૦૦૬
૩.	અથોરિટી જેની હેઠળ કોર્પોરેટ દેવાદારની સ્થાપના-નોંધણી કરાઈ	રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ
૪.	કોર્પોરેટ દેવાદારના કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર/લિમિટેડ લાયબિલિટી આઈડેન્ટિફિકેશન નંબર	U40100GJ2007PLC077551
૫.	કોર્પોરેટ દેવાદારનું રજિસ્ટર્ડ અને પ્રિન્સિપલ બિઝનેસ પ્લેસનું સરનામું	૩૦૧-૩૦૩ વિજય કોમ્પ્લેક્ષ, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૦૯.
૬.	કોર્પોરેટ દેવાદારના કાયમી ઈમેલ આઈડી અને પોસ્ટલ આડ્રેસ	કોર્પોરેટ એડ્રેસ: C.P.(IB)/231(AHM)/2022 મા આપેલ એડ્રેસ, અમદાવાદ મેન્યુઅલ આઈડી:- ૧૦મી જુન ૨૦૨૨ મુજબ
૭.	ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ એસોસીએશનનું નામ	ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્રોફેશનલ્સ એક્સેલન્સ
૮.	ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ એસોસીએશનનું સરનામું	૧૦મી ફ્લોર, ૧૦૧૧, ડિલ્યોર્સ બિલ્ડીંગ પોલ્યુલર સ્ટ્રીટ, ૧૦૧૧મી સ્ટ્રીટ (સેલ)
૯.	અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને સરનામું	નામ: મુકેશ કુમાર મહેતા રજિ. નંબર: IBBI/IPA-001/IP-P01344/2018-2019/11916
૧૦.	અધ્યક્ષપદના ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું ઈમેલ આઈડી અને પોસ્ટલ આડ્રેસ	ઈમેલ આઈડી: